૧૩, ઓકટોબર ૨૦૨૨




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રાજકોટ શહેર પોલીસ–સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે સાઈબર ક્રાઈમ અંગે અવરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રાજકોટ શહેર પોલીસ–સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટનાં સંયુકત ઉપક્રમે તા.૧૨–૧૦–૨૦૨૨ ના રોજ સાઈબર ક્રાઈમ અંતર્ગત થતી ઓનલાઈન છેતરપીંડીથી કઈ રીતે બચવુ તેમજ છેતરપીંડી થયે તાત્કાલીક કેવા પગલા લઈ શકાય અને લોકોમાં વધુને વધુ જાગૃતા લાવવા અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શહેર પોલીસ સાઈબર ક્રાઈમ પી.આઈ.શ્રી જી.બી. ડોડીયા સાહેબ, પી.એસ.આઈ.શ્રી કે.જે રાણા સાહેબ, શ્રી એમ.એસ. વેગડ સાહેબ, એ.એસ.આઈ.શ્રી જે.કે. જાડેજા સાહેબ તથા સ્વંયસેવકશ્રી પ્રિન્સ ભુવા ઉપસ્થિત રહી જાણકારી–માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્‌મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌ અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોને આવકારેલ. હાલના ડિઝીટલ યુગમાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન ખુબ જ વધી ગયેલ છે અને મોટા ભાગના લોકો સાઈબર ક્રાઈમનો ભોગ બને છે. તેમાંથી કઈ રીતે બચી શકાય તે માટે આ કાર્યક્રમનું આયોજન કરાયેલ છે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદ્‌બોધન કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બરની કામગીરી સૌ સજાગ છો. ચેમ્બર દ્વારા અવાર–નવાર સેમીનારો–કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રાજકોટ ચેમ્બર અને શહેર પોલીસ, સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટના સયુંકત ઉપક્રમે આ અવેરોસ કાર્યક્રમમાં સૌ અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોમિત્રોનું હાર્દિક સ્વાગત કરેલ. ડિઝીટલ યુગમાં સાઈબર ક્રાઈમના બનાવોનો વ્યાપ ખુબ જ ઝડપથી વધી રહયો છે. આવનારા દિવસોમાં આવા બનાવો ન બને તે માટે શું શું પગલા લેવા કેટલી સાવચેતી રાખવી તે માટે આ કાર્યક્રમ ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ શહેર પોલીસ દ્વારા પણ ખુબ જ સારો સાથ અને સહકાર મળી રહયો છે. ત્યારે આવા કોઈ બનાવો બને તો તાત્કાલીક સાઈબર ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવો. સાથો સાથ રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગકારો સાથે હંમેશા સાથે જ છે તેથી આપના કોઈ પ્રશ્નો કે સમસ્યા હોય તો જાણ કરવી જેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત શહેર પોલીસ સાઈબર ક્રાઈમ પી.આઈ.શ્રી જી.બી. ડોડીયા સાહેબએ રાજકોટ ચેમ્બર દ્વારા આ સયુંકત સેમીનારનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરેલ. તેમજ કાર્યક્રમની ટુંકમાં માહિતી આપેલ અને ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરતા પૂર્વે ખુબ જ સાવચેતી રાખવી અને નાની–નાની રકમોનું ફ્રોડ થયું હોય તો ફરીયાદ કરતા નથી. તેથી આવા કોઈ બનાવો બને તો તાત્કાલીક ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવો તેનું ચોકકસ નિરાકરણ લાવવા ખાત્રી આપેલી.

ત્યાર બાદ સ્વંયસેવકશ્રી પ્રિન્સ ભુવા દ્વારા સાઈબર ક્રાઈમ અંતર્ગત ડિઝીટલ યુગના ફાયદા અને ગેરફાયદાઓ, સાઈબર ક્રાઈમ થવાના કારણો અને તેના પ્રકારો, સાઈબર બુલીંગ, હેકિંગ, જોબ ફ્રોડ, ફાયનાન્સીયલ ફ્રોડ, ડેટા થેડ, સોશ્યલ મિડીયા સબંધીત ફ્રોડ, ઈ–મેઈલ સ્પુફીંગ, વિડીયો કોલ મારફત થતા ફ્રોડ, ઈન્સ્ટન્ટ લોન એપ્લીકેશનમાંથી ફ્રોડ, બનાવટી લીન્કો, ફેક વેબસાઈટ, ઓનલાઈન સેલીંગ પ્લોટફોર્મ ફ્રોડ, સ્ક્રીનીંગ શેરીંગ કે રીમોટ એકસેસ એપ ફ્રોડ, કસ્ટમર કેર ફ્રોડ, વિવિધ ફ્રોડની પાવર પોઈન્ટ પ્રેઝેનટેશન દ્વારા માહિતી આપેલ. તેમજ સાઈબર ક્રાઈમથી બચવા માટે OTP, PIN, CVV શેર ન કરવા, અજાણી લીન્ક એકસેસ ન કરવી, સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ પર ટુ–સ્ટેપ્સ વેરીફીકેશન કરવુ, લકકી ડ્રો, ઈનામોની લાલચો વિગેરેનો રીપ્લાય ન આપવો, પાસવર્ડ સ્ટ્રોંગ રાખવા અને સમયાંતરે બદલવા, ફોન–લેપટોપ વિગેરે પાસવર્ડ પ્રોટેકટેડ રાખવા કોઈપણ ઓનલાઈન ગેમ માટે પોતાનું બેન્ક એકાઉન્ટ લીન્ક ન કરવું, તેમજ આવા કોઈ બનાવો બને તો ૧૯૩૦ પર તાત્કાલીક ફરીયાદ કરી જે તે ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા જણાવેલ.

પી.એસ.આઈ.શ્રી કે.જે રાણા સાહેબએ સાઈબર ક્રાઈમના વિવિધ કાયદાઓની માહિતી આપેલ અને ફેકટરીઓમાં કામ કરતા મજુરોની સીટીઝન પોર્ટલમાં ખાસ નોંધણી કરવી, મિલ્કત ભાડે આપે તો પણ તેનું તની નોંધણી પણ કરવી. આ સીટીઝન પોર્ટલમાં ૧૩ જેટલી વિવિધ સેવાઓ આવરી લેવામાં આવેલ છે. જેથી કોઈપણ ગુનાહીત પ્રવૃતિ બને તો તેને અટકાવી શકાય તેની જાણ કરેલ.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના ઉપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોનો કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરેલ તેમજ રાજકોટ ચેમ્બર તથા MSME ડિપાર્ટમેન્ટના સયંકત ઉપક્રમે આગમી તા.૧૪–૧૦–૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ દરમ્યાન રાજકોટ ચેમ્બર હોલ ખાતે Zed Certification Scheme **તથા** MSME Scheme માં આવેલ નવા સુધારાઓનું માર્ગદર્શન આપવા અંગે સેમીનાર રાખેલ છે તો તેનો લાભ લેવા અનુરોધ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.